ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ફરજીયાત મતદાન નિર્ણય એક પ્રશ્નો અનેક : અમલ સહેલો નથી

ગુજરાતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ફરજીયાત મતદાન કરવા માટેનો કાયદો અમલ કરવો સરળ તો નથી જ, તેવું બ્રહ્મજ્ઞાન ઈલેકશન ઓફિસરોને થયું છે. ચૂંટણી પ્રચારમાં વાયદા કરવા સરળ છે પણ તેનું અમલીકરણ કરતાં અનેક પ્રશ્નોનો સામનો કરવો પડે છે. નિર્ણય એક છે પણ પ્રશ્નો અનેક છે. ફરજીયાત મતદાન લાગુ કરવા માટે સરકારે નિતીન પટેલના અધ્યક્ષપદે ત્રણ પ્રધાનોની સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે. આ સમિતિ હાલ ફરજીયાત મતદાન કેવી રીતે લાગુ કરી શકાય તેનો રિપોર્ટ તૈયાર કરે છે. જો મતદાન ફરજીયાત કરવામાં આવે તો બુથની સંખ્યા વધારવી પડે. કોઈ નાગરિક મતદાન ન કરે તો તેની સજા શું તે નક્કી કરવાનું છે. ક્યા કેસમાં મતદાન ના કરે તો મુક્તિ આપી શકાય. નાગરિકોના અધિકારો ઉપર તરાપ હોવાથી ભવિષ્યમાં કોઈ ચેલેન્જ કરે તો સરકારે શું તૈયારી કરવી તે બધી બાબતો ઉપર સમિતિ વિચારણા કરી રહી છે. ગુજરાત વિધાનસભામાં ૨૦૧૦માં આ કાયદો પસાર કરવામાં આવ્યો હતો જેને તાજેતરમાં જ મંજૂરી આપી દેવામાં આવી છે. હવે તેના નિયમો બનાવવામાં આવી રહ્યા છે. આ કાયદો ગ્રામ પંચાયતથી લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈલેકશનમાં લાગુ કરવાનો સરકારનો ઈરાદો છે. સંભવ છે કે આ મહિનાના અંતમાં કે જુલાઈના પહેલા સપ્તાહમાં સરકાર ફરજીયાત મતદાનની ઘોષણા કરી શકે છે...

**સ્માર્ટ સિટીનો રોડ મેપ અમદાવાદમાં ...**


ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીનો સ્માર્ટ સિટીનો ડ્રીમ પ્રોજેકટ ફાસ્ટટ્રેક ઉપર આવી રહ્યો છે ત્યારે આ પ્રોજેકટનો રોડ મેપ ગુજરાતના આંગણે બનશે. મોદી દેશના પસંદગીના ૧૦૦ શહેરો સ્માર્ટ સિટી તરીકે ડેવલપ કરી રહ્યા છે જે પૈકી સાત શહેરો ગુજરાતના પસંદ કરવામાં આવ્યા છે. સ્માર્ટ સિટીનું પ્રથમ હોસ્ટ અમદાવાદ બન્યું છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી નેશનલ કક્ષાનો પ્રોફેશનલ ટ્રેઈનિંગ વર્કશોપ યોજવા જઈ રહી છે. આ વર્કશોપ ૧૦ થી ૧૨ જુલાઈ દરમ્યાન યોજાશે, જેમાં પહેલા દિવસે ગિફ્ટ સિટી, અર્બન ગવર્નન્સ અને અર્બન રિન્યુઅલ મિશન નો અભ્યાસ કરાશે. વર્કશોપમાં સ્માર્ટ સિટીનો કન્સેપ્ટ, ડેફિનેશન અને પ્રેક્ટિસિસ, બેન્ચમાર્ક, સ્ટાન્ડર્ડ્સ અને પર્ફોર્મન્સ

● અનુસંધાન પાન-૭ પર

**આઈએએસ પ્રદીપ શર્માની નોકરી પૂરી, ડો. રાજીવ ગુપ્તાને સ્માર્ટ બનવું પડશે**

**પાંડિયનની નિયુક્તિમાં વિલંબ મહત્વની પોસ્ટ ખાલી પડી રહી છે**

**મોદીના સ્માર્ટ સિટીના ડ્રીમ પ્રોજેક્ટનો રસ્તો ગુજરાત થઈને જાય છે**



**કોંગી નેતાઓ વિરોધ કરશે ત્યાં સુધી ચૂંટણીમાં મોદી સ્ટાઈલ ચાલશે**

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

# શહેરમાં દ્વીચક્રી વાહનના ચાલકોએ ફરજીયાત હેલ્મેટ પહેરવા આદેશ

**માર્ગ અકસ્માતમાં મૃત્યુઆંક વધતા એસપીએ હેલ્મેટ-સીટબેલ્ટ ફરજીયાત પહેરાવવા ટ્રાફીક પોલીસને સુચના આપી : હવે કડક વલણ રાખી સઘન કાર્યવાહી થશે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં માર્ગ અકસ્માતો તથા માર્ગ અકસ્માતમાં મૃત્યુનું પ્રમાણ વધતુ જાય છે. જે બાબતને ગંભીરતાથી લઈ ફરજીયાતપણે દ્વીચક્રી વાહનના ચાલકોને હેલ્મેટ પહેરવા તથા ફોર વ્હીલ ચાલકોને સીટ બેલ્ટ પહેરવા આદેશ આપી ટ્રાફીક પોલીસને આ મામલે કડક વલણ દાખવી સઘન દંડનીય કાર્યવાહી કરવા સુચના આપી દેવામાં આવી છે. હવે ગણતરીના દિવસો બાદ હેલ્મેટ સીટબેલ્ટ મામલે ટ્રાફીક પોલીસ લાલ આંખ કરશે.





માર્ગ અકસ્માતોનું વધેલુ ચિંતાજનક પ્રમાણ અને જિલ્લામાં માર્ગ અકસ્માતથી થતાં મૃત્યુનો ચોંકાવનારો આંક જોતા આ બાબતને ગંભીરતાથી લઈ એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે આ બાબતે વિવિધ એક્શન પ્લાન ઘડ્યા છે. જનજાગૃતિ માટે હેલ્મેટ, સીટ બેલ્ટ પહેરવાના આકર્ષક હોર્ડીંગ તૈયાર કરી જાહેર માર્ગો પર લગાડવામાં આવ્યા છે. તે ઉપરાંત એક જ સ્થળે અકસ્માતમાં બે થી વધુ વ્યક્તિઓના મૃત્યુ થયા હોય તેવા સ્થળો લીસ્ટ આઉટ કરીને તે સ્થળો પર શુ શુ કાર્યવાહી કરવાથી (રોડ નેટવર્કીંગમાં સુધારા, કટ દૂર કરવા, બમ્પ બનાવવા સહીતના સુધારા) અકસ્માતોનું પ્રમાણ ઘટે તે બાબતે ગહન પૃથ્થકરણ કરી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તથા જનજાગૃતિ વિડીયો ડોક્યુમેન્ટરી પણ બતાવવામાં આવી છે. આ જ વિવિધ એક્શન પ્લાનનો એક ભાગ હેલ્મેટ-સીટ બેલ્ટ વાહનચાલકોએ ફરજીયાત પહેરવા કડક વલણ દાખવવાનો છે. જે મામલે એસપીએ ટ્રાફીક શાખાને કડક કાર્યવાહી ગણતરીના દિવસોમાં શરૂ કરી દેવા આદેશ આપી દીધો છે.

# ગાંધીનગરની અવની મોદી 'કેલેન્ડર ગર્લ' ફિલ્મથી બોલીવુડમાં પદાર્પણ કરશે

**મધુર ભંડાકરની 'કેલેન્ડર ગર્લ્સ' માટે ૧૫૦૦ યુવતીઓમાંથી અવની મોદીની પસંદગી : અવની હાલ દક્ષિણ ભારતની ફિલ્મોમાં લોકપ્રિયતા મેળવી રહી છે : એવોર્ડ વિજેતા આંતરરાષ્ટ્રીય ફિલ્મ ગુલાબીમાં પણ કામ કરી ચુકી છે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની દિકરી અવની મોદી ખ્યાતનામ ફિલ્મ નિર્દેશક મધુર ભંડાકરની આગામી ફિલ્મ 'કેલેન્ડર ગર્લ્સ' દ્વારા બોલીવુડમાં ધમાકેદાર આગમન કરવા જઈ રહી છે. આ ફિલ્મ માટે લગભગ ૧૫૦૦ યુવતીઓમાંથી ભંડાકરે અવની મોદી પર પસંદગીની મહોર મારી હતી.







અવની મોદી ગાંધીનગરમાં માહિતી ખાતાના કર્મચારી વિનોદ મોદીની સુપુત્રી છે. અવની ગુજરાતી રંગમંચની જાણીતી અદાકાર રહી ચુકી છે અને પ્રેક્ષકોની અઢળક પ્રસંશા પ્રાપ્ત કરી ચુકી છે. અવની મોદીએ ૨૦૧૩માં દક્ષિણ ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં તમિલ ફિલ્મ 'નાન રાજવાગા પોગીરેન' દ્વારા ફિલ્મ ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું. ત્યારબાદ તેમણે આંતરરાષ્ટ્રીય ટુંકી ફિલ્મ 'ગુલાબી'માં અભિનયના અજવાળા પાથર્યા હતા અને આ ફિલ્મો વાનકુંવર ખાતે યોજાયેલ કેનેડા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ અને ન્યૂયોર્ક ઈન્ડીયન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં બેસ્ટ ફિલ્મનો એવોર્ડ જીત્યો હતો. અવનીની તમિળ સ્ટાર પા વિજય સાથે આગામી ફિલ્મ સ્ટ્રોબેરી પણ આ વર્ષે રીલીઝ થનાર છે.

● અનુસંધાન પાન-૭ પર





મજલીસે-સુફીમાં શ્રોતાઓ રસતરબોળ - સુફી સંગીત એ સૂરની આરાધના થકી ભકિતમાં તરબોળ થઈ ઈશ્વરમાં લીન થવાનો સાક્ષાત્કાર કરાવે તેવું સંગીત છે. સુફી સંગીતની લોકપ્રિય રચનાઓની એક યાદગાર મહેફિલ શનિવારે સાંજે ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. ગાંધીનગરની કલાગુર્જરી સંસ્થા દ્વારા આયોજિત આ મજલીસે સુફીમાં અમિત ઠકકરના સંગીતના સથવારે દિપ્તી દેસાઈ અને મિહિર જાનીએ શ્રોતાઓને સુફી સંગીતમાં તલ્લીન કર્યા હતાં.

# રાજ્યમાં ઉદ્યોગો શરૂ કરવાની સુગમતાને ધ્યાને રાખી રેન્ક આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમાં ઉદ્યોગ શરૂ કરવા કેટલી સુગમતા છે તે ચકાસીને તેના આધારે રાજ્યોને રેન્ક આપવાની દિશામાં કેન્દ્ર સરકારે વિચારણા હાથ ધરી છે. અને આ માટે કેન્દ્ર સરકારે ૧૨ જેટલી બાબતોને આવરી લેતા ૩૧૯ જેટલા પ્રશ્નોની પ્રશ્નોત્તરી તૈયાર કરી છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં મળેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં વિભાગ દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાજ્યમાં ઉદ્યોગ શરૂ કરવા કેટલી સુગમતા છે તેના આધારે રેન્ક આપવામાં આવનાર છે. આ માટે તૈયાર કરવામાં આવેલ પ્રશ્નોનો 'હા' 'ના' અને લાગુ પડતું નથી. એ ૩ પૈકી કોઈ એક જવાબ આપવાનો છે.

કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રશ્નોત્તરીમાં આવરી લીધેલા ૩૧૯ જેટલા પ્રશ્નો પૈકી શ્રમ અને રોજગાર વિભાગને સંબંધિત સૌથી વધુ એટલે કે ૧૦૦ પ્રશ્નો છે. વન અને પર્યાવરણ વિભાગને સંબંધિત ૪૫ પ્રશ્નો છે. શહેરી વિકાસ વિભાગને સંબંધિત ૫૭ પ્રશ્નો છે. તથા નાણાંકીય બાબતોને સંબંધિત ૩૯ જેટલા પ્રશ્નો છે. એટલે કે ૭૫ ટકા જેટલા પ્રશ્નો રાજ્યના ૪ વિભાગોને સંબંધિત છે. પ્રશ્નોતરીના જવાબ કેન્દ્ર સરકારને રજુ કરવાના રહેશે. જે અન્વયે કેન્દ્ર સરકારની ટીમ રાજ્યની મુલાકાત લઈને પ્રશ્નોના જવાબો અંગે ચકાસણી હાથ ધરાશે. આ કાર્યવાહી આગામી જુલાઈ માસમાં હાથ ધરવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં પ્રેઝન્ટેશન બાદ રાજ્યના મુખ્ય સચિવે તમામ વિભાગોના વડાઓને તેઓના વિભાગને સંબંધિત બાબતો અંગે હકારાત્મક વિચારણા કરી રાજ્યમાં ઉદ્યોગ શરૂ કરવા અંગેનું વાતાવરણ ઉત્કૃષ્ટ બને તથા કેન્દ્ર સરકાર દ્વારા આ બાબતે આપવામાં આવનાર રેન્કીંગમાં રાજ્ય અગ્ર હરોળમાં હોય તે સુનિશ્ચિત કરવા માટેના પ્રયાસો કરવા સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

# ગાડીવાલા ડૉટકોમ સ્કૂલવાનના બાળકો માટે વાલીઓની ચિંતા ટાળશે

**યુવા આઈ.ટી. સંશોધકોએ સતત ત્રણ રાત જાગીને એપ્લીકેશન બનાવી : ઈન્ફોસીટીમાં ડિજીટલ ઈન્ડિયા હેકાથોન દ્વારા ભારતને સિલીકોન વેલી બનાવવા થતા પ્રયત્નો**

ગાંધીનગર, તા.૧૪

સ્કૂલ વાહનમાં શાળાએ જતા નાના બાળકોના વાલીઓ હવે આપ બિલકુલ નિશ્ચિંત થઈ જાવ કારણ કે હવે આપના બાળકને ઘરેથી શાળા અને શાળાથી ઘરે મુકી જતા સ્કુલ વાહનની તમામ ગતિવિધિ પર નજર રાખી શકો તેવી આધુનિક મોબાઈલ એપ્લીકેશન આઈ.ટીના વિદ્યાર્થીઓએ તૈયાર કરી છે. જે આગામી સમયમાં દરેક વાલી માટે ખુબ ઉપયોગી નિવડશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ અન્ય બે સમાજ ઉપયોગી, ઘર ઉપયોગી એપ્લીકેશન પણ તૈયાર કરી છે. જે ટુંક સમયમાં આપના સ્માર્ટ મોબાઈલમાં ડાઉનલોડ કરી શકશો.



દિવસ ને દિવસે આગળ વધતા જતા ટેકનોલોજી જગતમાં વાસ્તવિક જીવનની સમસ્યાઓના સમાધાન માટે ગાંધીનગર ઈન્ફોસીટી ખાતે ત્રિદિવસીય ડિજીટલ ઈન્ડિયા હેકોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શહેરોના ૭૫ જેટલા યુવા આઈટી સંશોધકોએ સતત ત્રણ દિવસ ૨૪ કલાકની સખત મહેનત કરી હતી. જેમાં પંકિત ગામી, યશ ગાલેચા, જૈનમ મહેતા, અભિષેક જાદવ, કૃતાર્થ પુજારાની ટીમે નવી ટેકનોલોજીની મદદથી પોતાના કૌશલ્યનો પરિચય કરાવ્યો હતો. અને આ વિદ્યાર્થીઓએ સ્કૂલવાહનમાં શાળાએ જતા નાના બાળકોના વાલીઓની સૌથી મોટી મુશ્કેલીને મહદ અંશે હલ કરી દીધી છે અને એક એપ્લીકેશન તૈયાર કરી જેમાં વાલીઓ માત્ર પોતાના સ્માર્ટ મોબાઈલ ફોન પર જ ઘરે બેઠા સ્કૂલ વાહન પર તમામ પ્રકારની ગતિવિધિ પર નજર રાખી શકશે. અને કોઈ પણ સમયે સ્કૂલ વાહનના ડ્રાઈવરનો પણ તુરંત સંપર્ક કરી શકશે. ઉપરાંત અન્ય વિદ્યાર્થીએ પણ પ્લાન્ટેશન માટે 'લેપ્સ પ્લાન્ટ' અને ઘરે બેઠા પોતાના બજેટ અનુસાર કરિયાણાની ખરીદી કરવા માટે ગ્રોસ એપ તૈયાર કરી છે. જે આગામી સમયમાં ઉપયોગી નિવડશે. આ હેકાથોન ઈવેન્ટમાં અમેરીકામાં સીલીકોન વેલી ખાતે આઈ.ટી. ક્ષેત્રના કામનો અનુભવ ધરાવતા પ્રવાસ ડે, રવિરાજા અને મેહુલ કટારમલની ટીમે યુવા સંશોધકોને માર્ગદર્શન પુરું પાડયું હતું.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Maans Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
ફિલ્ટર સાથે
TOBACCO 100% FREE
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડકટસ (ઈન્ડીયા), મો.: 9909898314
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ
STEEL TIGER એવોર્ડ વિજેતા
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧
અલ્ટ્રાટેક સિમેન્ટ, કામધેનુ TMT (ISI) સ્ટીલ, કપચી, ગ્રીટ, મેટલ, હિન્દવેર સેનેટરીવેર, સોલીડ કોંક્રીટ બ્રિક્સ (સિમેન્ટ યુઝ્ડ)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com